# વાહન વ્યવહાર કમિશ્નરશ્રી ની કચેરી

ડૉ.જીવરાજ મેહતા ભવન,બ્લોક નં-૬, બીજો ત્રીજો માળ જુના સચિવાલય,

ગુજરાત રાજ્ય,ગાંધીનગર

ફોન નં.:- ૦૭૯-૨૩૨૫૧૩૬૩

ફેક્સ નં.:- ૦૭૯-૨૩૨૫૧૩૬૨ E-mail:cottax2016@gmail.com


ક્રમાંક:- ટેક્ષ/અ.ગુ.ટ્ર.ટ્રા.એસો./રજૂઆત/COT/ઓન/ 4(3(

તારીખ:- 31 JUL 2018

પ્રતિ.

શ્રી મુકેશભાઈ સી.દવે,

માનદ મંત્રીશ્રી અ.ગુ.ટ્ર.ટ્રા.એસોશીએશન,

૭૫.સહજાનંદ શોપીંગ સેન્ટર,સ્વામીનારાયણ મંદિર પાસે,

શાહીબાગ,અમદાવાદ

વિષય:- ટ્રાન્સપોર્ટરોને સ્પર્શતા પડતર મુદ્દાઓ અંગેની રજૂઆત બાબત

અનુ:- (૧) આપશ્રીનો પત્ર તા.૦૯/૦૪/૨૦૧૮

(૨) અંગત મદદનીશશ્રી,માન.મંત્રીશ્રી વાહનવ્યવહારના પત્ર નં.૫૮૮/૧૮ તા.૧૯/૦૪/૨૦૧૮

(૩) માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી, વાહનવ્યવહારના પત્ર નં.VIP/GENERAL/ DT.20/04/2018

(૪) અંગત સચિવશ્રી,માન.રાજ્ય કક્ષા મંત્રીશ્રી વાહનવ્યવહારના પત્ર નં.VIP/GENERAL/1355/ DT.30/04/2018

(૫) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના પત્ર ક્રમાંક/એમવીડી/૧૦૨૦૧૮/ રાજ્ય કક્ષા મંત્રીશ્રી/૧૯૩/ખ તા.૧૬/૦૫/૨૦૧૮

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા અનુસંધાને જણાવવાનું કે અખિલ ગુજરાત ટ્રક ટ્રાંસપોર્ટ એસોશીયેશનને સ્પર્શતા પડતર મુદ્દાઓની રજૂઆતના નિરાકરણ બાબતે માન.વા.વ્ય.મંત્રીશ્રી આર.સી.ફળદુ સાહેબની આદેશાનુસાર માન.રાજયકક્ષા મંત્રીશ્રી વાસણભાઇ આહીરની અધ્યક્ષતામાં તા.૨૪/૦૪/૨૦૧૮ના રોજ બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેમાં ટ્રાંસ્પોર્ટ એસોશીએશનના હોદેદારોશ્રી તથા અગ્ર સચિવશ્રી વાહનવ્યવહાર માન.શ્રી વિપુલ મિત્રા,માન.વા.વ્ય.કમિશ્નરશ્રી આર.એમ.જાદવ ,મો.વા.પ્રોસીક્યુટરશ્રી સંજય પંડ્યા વગેરે અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં ચર્ચા કરવામાં આવેલ તથા બાકી રહેલ છ મુદ્દાઓ બાબતે કાયદાની મર્યાદામાં રહીને નીચે મુજબ જોગવાઇઓ માન.મંત્રીશ્રી વાહન વ્યવહારને આપશ્રી દ્વારા કરવામાં આવેલ રજૂઆત અન્વયે નીચે મુજબની માહિતી છે.

| મુદા.નં | વિગત | જવાબ |
|---|---|---|
| ૧ | આર્ટીકયુલેટેડ વ્હીકલના લાઈફ ટાઇમ ટેક્ષ અંગે:- આ જાતના વાહનોમાં પહેલા વાહનના GVW પ્રમાણે ટેક્ષ લેવાતો હતો, આથી જુદા જુદા પ્રકારના આર્ટીકયુલેટેડ વાહનનો GVW પ્રમાણે ટેક્ષ એક સરખો રહેતો હતો, પણ જયારે ગયા બજેટમાં લમસમ ટેક્ષ (લાઈફટાઇમ) ની પ્રથા દાખલ થતા લાઈફટાઇમ ટેક્ષની ગણતરી માટે પ્રાઈમ | રજ્ય સરકારે તા.૧/૪/૧૭ થી ગુડઝ વાહનો ઉપર વાહનની કિમત આધારીત લમસમ કર વસુલ કરવાનું ઠરાવેલ છે. પ્રાઈમ મુવર અને ટ્રેઈલર બન્ને નું કમ્બાઈડીંગ એક યુનિટ ધ્યાને લઇવાહનની નોધણી કરવામાં આવે છે ટ્રેઈલર ની કિમત ઉત્પાદક ઉપર આધારિત છે જેવી કે ટ્રેઇલરમાં વપરાતું મટીરીયલ, ટકાઉપણું ક્ષમતા વગેરે ટ્રેઇલર ની |

| | | |
|---|---|---|
| | મુવર (ઘોડો) અને ટ્રેઇલર બંનેની કિમત નો સરવાળો કરી ટેક્ષ વસુલવામાં આવે છે. જેથી એકસરખા GVW વાળા વાહનોની ટેક્ષ ની રકમ જુદી જુદી અને ઘણી વધુ પડે છે. આ બાબતે આગાઉ કરેલ રજૂઆત મુજબ માત્ર મુવરની કિમતને ગણતરીમાં લઇ ટેક્ષ ગણાવવો જોઈએ.<br>આપની વધુ જાણકારી ખાતર જુદી જુદી વસ્તુઓનું વહન કરવા જુદી જુદી પ્રકારના ટ્રેઇલર બને છે જેમ કે હાઈ બેડ ટ્રેઈલરો, સેમી લો બેડ ટ્રેઇલર,લો બેડ, સ્પેસીયલ પપ્રઝના ટ્રેઇલર કે બોડી એટેચમેન્ટ, ઓપન બોક્ષ ટાઇપ ટ્રેઇલર,કાર કેરિયર ટ્રેઇલર વગેરે. | બનાવટ માં કઈ કંપની નું મટીરીયલ ઉપયોગમાં લેવું તેવું કોઈ ધારા ધોરણ નક્કી થયેલ નથી જેથી સ્વભાવિક પણે ટ્રેઇલર ની કિમતમાં વધઘટ થઇ શકે છે. જે સરવાળે વાહનની કિમત ઉપર અસર થાય છે. ભારત સરકારના તા.૧૮/૧૦/૧૯૯૬ ના પરિપત્ર મુજબ ૪૯ ટન GVW વાળા મીકેનીકલ ટ્રેઇલરો તથા આર્ટીકયુલેટેડ વાહનમાં પ્રાઈમમુવર તથા સેમી ટ્રેઇલર સહિતના યુનિટનું GVW માલના વહન માટે લક્ષમાં લેવાય છે. માત્ર પ્રાઈમમુવારનું GVW ગણતરીમાં લેવાતું નથી. મીકેનીકલ સિવાયના ટ્રેક્ટર,ટ્રેઇલર કોમ્બીનેશનમાં ટ્રેઇલરનું GVW માલના વહન માટે ધ્યાનમાં લેવાય છે. તેમાં પણ એકલા ટ્રેઇલરનું GVW ધ્યાનમાં લેવાતું નથી. |
| ૨ | <u>સ્પીડ ગવર્નર ફીટમેન્ટ બાબતે :-</u><br>રાજ્ય સરકારના જાહેરનામાં પ્રમાણે ૭૫૦૦ કિ.ગ્રા GVW કરતા વધુ વજન વાળા વાહનોમાં ૮૦ કી.મી ની પ્રી સેટ સ્પીડ સાથેના સ્પીડ ગર્વરનર બેસાડવાનું જાહેર કરેલ તેમ છતા તેનાથી નીચેની ક્ષમતાવાળા કે શહેરમાં ફરતા ૪ પૈડાવાળા નાના વાહનો જેવા કે છોટા હાથીમાં પણ ફરજીયાતપણે સ્પીડ ગવર્નર બેસાડવામાં આવે છે જેથી હાથલારી,રેકડી,ઉંટગાડા,બળદગાડાથી થઇ શકતા કામ માટે નાના માણસોએ વસાવેલા યાત્રિક વાહનોમાં પણ ૫ થી ૭ હજારનું ભારણ આવે છે જો કે આજના સમયમાં શહેરમાં ફરતા નાના વાહનો ૮૦ તો શું ૬૦ ની સ્પીડથી વધારે ચલાવવા અશક્ય છે તો આ બાબતે યોગ્ય કરવા વિનતી. | ટ્રાન્સપોર્ટ એસોશીયેશનની રજુઆતો અન્વયે કાયદાની જોગવાઈ અનુસાર માન.કમીશનરશ્રી સાથે ચર્ચા થઇ હતી તા.૧૨/૦૬/૨૦૧૮ ના રોજ ટ્રાન્સપોર્ટ એસોશીયેશનના હોદેદારો પુનઃ માન. કમીશનરશ્રીને રજૂઆત કરતા તા.૧૮/૦૬/૨૦૧૮ ના રોજ તમામ RTO-ARTO ને પત્ર લખેલ જે આ સાથે સામેલ છે. |
| ૩ | <u>હાયર પર્ચેઝ એન્ડોર્સમેન્ટ ફી:-</u><br>જો વાહનો લોન લઇ ખરીદીને રજીસ્ટ્રેશન કરાવતી વખતે હાઇપોથીકેશનનું એન્ડોર્સમેન્ટ કરાવવાની ફી જે રૂ.૧૦૦/- લેવામાં આવતી હતી,જે હવે રૂ.૩૦૦૦/- કરવામાં આવેલ છેઅને અમને આપેલ સમજ મુજબ લોન ભરપાઇ થઇ જતાં તે એન્ડોર્સમેન્ટ કેન્સલ કરાવવાના પણ રૂ.૩૦૦૦/- ફી લેવામાં આવશે. જે ખરેખર ખુબ ભારે અને અયોગ્ય છે.આ ઉપરાંત નવું ખરીદેલ વાહન રજીસ્ટર્ડ કરાવતી વખતે લમસમ (લાઇફ ટાઇમ) ટેક્ષ ભરવામાં આવ્યો હોય અને વાહનમાં માલિકીની ફેરબદલી કરતી વખતે ભરેલા ટેક્ષના ૧૫% પ્રમાણે ટેક્ષ વસુલવાનું પ્રવીધાન કરવામાં આવેલું છે. જે ખરેખર ખુબ ભારરૂપ અને અયોગ્ય છે.આપની જાણ ખાતર આ પહેલા વાહનની માલિકીની ફેરબદલી વખતે રૂ.૭૫૦/- લેવામાં આવતા હતા. | <u>રૂ.૩૦૦૦/</u>- ની ફી ભારત સરકાર દ્વારા ઠરાવવામાં આવી છે. આ જોગવાઈ કરતા પહેલા વાંધા સુચન માંગવામાં આવેલ હતા અને જાહેર જનતાના વાંધા સુચન બાદ આ સુધારો કરવામાં આવેલ છે. લોન કેન્સલ ની કોઈ ફી લેવા માં આવતી નથી. જયારે આગાઉ ભરાયેલ લમસમ વેરાના ૧૫% પ્રમાણે ટેક્ષ વસુલવાના પ્રાવધાન ગુજરાત મોટર વાહન વેરા અધીનીયમ,૧૯૫૮ માં સુધારો કરી ને કરવામાં આવ્યું છે. આ પ્રાવધાન લમસમ વેરો લાગુ પડતો હોય તેવા તમામ વાહનોને લાગુ પડે છે. એકલા માલ વાહનોને લાગુ પડતો નથી. |
| ૪ | <u>વાહનમાં રીફલેક્ટર તેમજ રીઅર માર્કર પ્લેટ્સ બાબત</u><br>સલામતી અંગે ના સરકારના જે કોઇ વ્યવહારીક પગલાં હોય તે વિચારધારા ની સાથે અમો સૌ સહમત | માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયની રજૂઆત મુજબ RTO ખાતે ફીટનેશ રીન્યુઅલ માટે આવતા વાહનોમાં સ્પીડ લિમીટીંગ ડીવાઇસ અને |

| | | |
|---|---|---|
| | છીએ અને તે બાબતે સજાગ પણ છીએ. આ મુજબ CMVR એક્ટ અનુસાર કોમર્શીયલ વાહનોમાં બીએસઆઇ માન્યતા પ્રાપ્ત રીફ્લેક્ટર પટ્ટી લગાવવી આવશ્યક છે અને તેની સાથે અમે સહમત છીએ,પણ વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી દ્વારા તા.૦૬/૦૭/૨૦૧૭ના પરિપત્ર મુજબ માન્યતા પ્રાપ્ત અધિકૃત ઉત્પાદક દ્વારા સર્ટીફીકેટ મેળવ્યા બાદ જ વાહનનું ફીટનેશ સર્ટીફીકેટ આપવાનું નિર્ધારીત કરેલ છે,તે ખરેખર બિનવ્યવહારિક છે,કારણ કે ઘણાં જુનાં વાહનો કે જેઓ એ કમિશ્નર કચેરી દ્વારા પ્રમાણીત કરેલ રિફ્લેક્ટર પટ્ટીઓ લગાડેલ હોય છે અને બીજા વર્ષે જ્યારે પાસિંગ કરાવવા જાય ત્યારે તેનું અગાઉનું સર્ટીફીકેટ મેળવવું અશક્ય છે.<br>આ ઉપરાંત રીઅર માર્કીંગ પ્લેટસ દરેક વાહનોમાં આવે છે. અને તે અંગે ખાતા દ્વારા માત્ર એક જ કંપનીને અધિકૃત કરવામાં આવેલ છે. અને તે પ્લેટ અંગે રૂ.૧૪૦૦/- વસુલવામાં આવે છે. આ બાબત એકાધિકાર પ્રસ્થાપીત કરવાવાળી વાત છે. અને અમારી જાણકારી મુજબ આની કિંમત રૂ. ૪૦૦/૫૦૦ થી વધારે ના હોઇ શકે.<br>આ ઉપરાંત અમારી જાણકારી મુજબ CMVR ના કાયદા અનુસાર રીઅર માર્કીંગ પ્લેટસ/ટેપ્સ ફક્ત ટ્રેઇલર અને મલ્ટી એક્સલ વાહનોમાં લગાવવી આવશ્યક હોવા છતાં દરેક નાના-મોટા વાહનોમાં તે -લગાવવાની ફરજ પાડવામાં આવે છે. તે યોગ્ય નથી. | રેડીયમ રીફ્લેકટરના બીલો રજુ કરવાનો આગ્રહ રાખવામાં આવે છે. જેની કોઈ જરૂરિયાત નથી. તે અંગેનો અત્રેની કચેરીનો તા.૨૫/૦૬/૨૦૧૮ તથા તા.૨૭/૦૬/૨૦૧૮ નો પત્ર આસાથે સામેલ છે.<br>તથા CMVR ના કાયદા અનુસાર રીઅરમાર્કિંગ પ્લેટસ,ટેપ્સ ફક્ત ટ્રેઇલર અને મલ્ટીએક્સલ વાહનોમાં લગાવવી આવશ્યક હોવા છતાં નાના મોટા વાહનોમાં લગાવવાની જરૂરી નથી. તે અંગેનો અત્રેની કચેરીનો તા.૧૮/૦૬/૨૦૧૮ નો પત્ર આ સાથે સામેલ છે. |
| ૫ | <u>આર.સી.બુક/ડ્રાઇવીંગ લાયસન્સ અંગે :-</u><br>નવા વાહનોના રજીસ્ટ્રેશન પછી અને આર.ટી.ઓ માં બધુ કામકાજ કોમ્પ્યુટરાઇઝડ કર્યા બાદ ગાડીના કાગળો કે આર.સી.બુક સરનામાં ઉપર પોસ્ટ દ્વારા મોકલવામાં ખુબ જ વિલંબ થતો હોવાથી કોમર્શીયલ વાહનોને ઉપયોગ કરવામાં તેમજ પર પ્રાંત જવામાં ખુબ જ અગવડતા પડે છે. આર.સી. બુક ની અવેજીમાં વાહન ની વિગતો જણાવતું ફોર્મ નં. ૨૪ જે રજીસ્ટ્રેશન બાદ હાથો હાથ આપવામાં આવે તો તે કોમર્શીયલ વાહનો કાયદકીય રીતે કામ કરવાની છુટ મળે. આ અંગે યોગ્ય કરવા વિનંતી.<br>આવી જ રીતે કોમર્શીયલ વાહનોના ડ્રાઇવીંગ લાયસન્સને રીન્યુ કરવા માટે એક થી દોઢ મહીના પહેલા એપોઇન્મેન્ટ લેવી પડે છે. પણ નક્કી સમયે હાજર રહેવું અને લાયસન્સ રીન્યુ બાદ પોસ્ટ દ્વારા લાયસન્સ મેળવવા મા થતો વિલંબ તે અંગે અમારી રજુઆત છે કે કોમર્શીયલ વાહનોના ડ્રાઇવરો ને તરત રીન્યુઅલ થઇ જાય અને લાયસન્સ મળી જાય તેવી વ્યવસ્થા થવી જોઇએ. | (૧) હાલ ગુજરાત રાજ્યની તમામ રીજીયન ની કચેરીઓમાં VAHAN-4 SOFTWARE નું અમલીકરણ સરળતા પૂર્વક થયેલ છે. VAHAN-4 SOFTWARE એ WEB BASE SOFTWARE છે. તેથી કોઈપણ અરજદાર પોતાના વાહન પર કરેલ કાર્યવાહી અંગે નું સ્ટેટસ "parivahan.gov.in" વેબ સાઈટ પર સરળતા થી જોઈ શકે છે.<br>(૨) આર.સી.બુક પ્રિન્ટિંગની કામગીરી હવેથી centralize printing center દ્વારા થતી હોવાથી કોમર્શિયલ વાહનોની ની આર.સી.બુક પ્રાથમિક્તાના ધોરણે ઝડપથી મળી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેથી હવે આર.સી.બૂક સરળતા થી નિયત સમય માં મળી શકે છે.<br>(૩) કોમર્શિયલ વાહનોના ડ્રા.લા.રીન્યુ લાયસંન્સ પૂરું થયાની તારીખ ના ૩૬૫ દિવસ આગાઉ કરવી શકાય છે. તેમજ<br>હવે કોઈ પણ અરજદાર કોઈપણ કચેરીનું ડ્રા.લા કોઈ પણ કચેરી ખાતેથી રીન્યુ કરાવી શકે છે. જે અંતર્ગત જે કચેરી એ થી ડ્રા.લા. રીન્યુ કરાવવું હોય તે કચેરીની ઓન લાઈન એપોઈમેન્ટ મેળવી ને તે કચેરીએ રૂબરૂ જઈ ડ્રા.લા અંગેની આગળ ની કાર્યવાહી કરવાની રહે છે. જેની ડ્રા.લા અંગે |

| | | |
|---|---|---|
| | | કાર્યવાહી કરવમાં જે વિલંબ કે મુશ્કેલી થતી હતી તે અંગે નું નિરાકરણ થયેલ છે. |
| ૬ | <u>જુના ડીએ કેસ બાબતે :-</u> અમારી જાણ મુજબ હમણા એક વાહન માલીકને ગાડી પાર્સીંગ કરાવવા જતી વખતે ૧૯૯૫ નો ડીએ કેસ રજુ કરી દંડ ભરવા ફરજ પાડેલ. જો કે તે અગાઉ બે વખત તે ગાડીનો માલીકી ફેર પણ થઇ ગયેલ અને જે તે વખતે તે પડતર જુના કેસો ની કટઓફ ડેટ નક્કી કરી ટોકન માંડવાળ ફી લઇ ને નીકાલ કરવો જોઇએ જેથી હાલના ગાડીના માલીક ને તે અંગે ની કોઇ તકલીફ ન પડે. | ફિટનેશની પ્રકિયામાં DA કેશ ક્લીયર કરાવવા જરૂરી છે. સામાન્ય રીતે ફીટનેશ વખતે પાછલા વર્ષના DA કેશ ક્લીયર થઇ જતા હોય છે. આ ૧૯૯૫ નો કેશ અપવાદ ગણાય. આવી કટ ઓફ ડેટ મુકવાના સુચન સાથે સંમત નથી. |

ઉપરોક્ત હકીકતોની માનનીય મંત્રીશ્રી, વાહનવ્યવહારને જાણ થવા વિનંતી છે.

ખાસ ફરજ ~~પરના અધિકારી~~
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

બીડાણ:- તા.૧૮/૦૬/૨૦૧૮ના પત્રની નકલ
તા.૨૫/૦૬/૨૦૧૮ના પત્રની નકલ
તા.૨૭/૦૬/૨૦૧૮ના પત્રની નકલ

નકલ સવિનય રવાના :-

(૧) અંગત મદદનીશશ્રી,માન.મંત્રીશ્રી વાહનવ્યવહારનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,બીજો માળ, સચિવાલય, ગાંધીનગરને જાણ સારૂ.

(૨) અંગત સચિવશ્રી,માન.રાજ્ય કક્ષા મંત્રીશ્રી વાહનવ્યવહારનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૨,ચોથો માળ, સરદાર ભવન, સચિવાલય,ગાંધીનગરને જાણ સારૂ.

(૩) માન.રાજ્યકક્ષા મંત્રીશ્રી, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ, સ્વર્ણિમ સંકુલ-૨,ચોથો માળ, સરદાર ભવન, સચિવાલય,ગાંધીનગરને જાણ સારૂ.

(૪) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,બ્લોક નં.૨,૯મો માળ,સચિવાલય,ગાંધીનગરને જાણ સારૂ

Akhil Gujarat Truck Transport Association

R: 4-8-2018

નં.ટેકનીકલ-૧/ સ્પીડ ગવર્નર/સુચના / ૩૪૦૦
વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.ડ, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર .
તારીખઃ - 18 JUN 2018

પ્રતિ,

પ્રાદેશિક/ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી,

તમામ,

વિષયઃ- સ્પીડ ગવર્નર, રીઅર માર્કીંગ પ્લેટ બાબતે સ્પષ્ટતાઓ

સંદર્ભઃ- (૧) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ગાંધીનગર નો પત્રક્રમાંક NO-PT-2016-50-MVD-102016-21-KH

(૨) ભારત સરકારનો પત્રક્રમાંક RT-11036/22/2017-MVL તા. ૨૫-૦૧-૨૦૧૮

(૩) બંદરો અને વાહન વ્યવહાર વિભાગનું જાહેરનામા ક્રમાંક PT/2017/10/MVD /102016 /21/KH,તા. ૦૪-૦૪-૨૦૧૭

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તાબાની કચેરીઓ તથા ટ્રાન્સપોર્ટ વાહનોના એસોસીએશનો દ્વારા અવાર-નવાર કરવામાં આવતી પૃચ્છાઓ અને રજુઆતોના અનુસંધાને નીચે પ્રમાણે સ્પષ્ટતાઓ કરવામાં આવે છે.

૧) સંદર્ભ-૩ મુજબ તા. ૦૧-૧૦-૨૦૧૫ પહેલા રજીસ્ટર્ડ થયેલા ૩૫૦૦ કિ.ગ્રા. કરતાં ઓછું જીવીડબલ્યુ ધરાવતા જૂના માલવાહક વાહનોમાં સ્પીડ ગવર્નર લગાવવાની જરુર નથી. (તા. ૦૪-૦૪-૨૦૧૭ નું જાહેરનામું સામેલ છે. તેમાં દર્શાવેલા જુના વાહનો પૂરતું જ સ્પીડ ગવર્નર લગાવવાનું છે.)

૨) માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના પત્ર નં. RT/11036/22/2017/MVL તા. ૨૫-૦૧-૨૦૧૮ મુજબ સ્પીડ ગવર્નરનો એન્યુઅલ મેન્ટેનન્સ લેવાની જરુર નથી.

૩) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ ૧૦૪ ડી મુજબ માત્ર નીચેના વાહનોમાં રીઅર માર્કીંગ પ્લેટ લગાવવાની થાય છે.

૧. N2 Category ના ૭.૫ ટનથી ઉપરના જીવીડબલ્યુ ધરાવતા પેસેન્જર વાહનો તથા માલવાહક વાહનો.

૨. N3 Category ના એટલે કે ૧૨000 કિ.ગ્રા. કરતાં વધુ જીવીડબલ્યુ ધરાવતા સેમિ ટ્રેઈલર માટેના ટ્રેક્ટર સિવાયના વાહનો.

૩. જેનું જીવીડબલ્યુ ૧0000 કિ.ગ્રા. કરતાં વધુ ન હોય અને જેની લંબાઈ ૮ મી. થી ઉપરની હોય તેવા ટ્રેઈલર અને ટ્રેક્ટર.

૪. ૧0000 કિ.ગ્રા. કરતાં વધુ જીવીડબલ્યુ ધરાવતા ટ્રેઈલર.

૫. આર્ટીક્યુલેટેડ બસ.

આ વાહનો સિવાય અન્ય કોઈ વાહનોમાં રીઅર માર્કીંગ પ્લેટ લગાવવાની જરુર રહેતી નથી.

વાહન વ્યવહાર કમિશ્નર,
વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

Akhil Gujarat Truck Transport Association
Q- 4-8-2018

# વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં ૬ બીજો-ત્રીજો માળ,
જુના સચિવાલય,ગાંધીનગર E-mail:- cotda201516@gmail.com

નં./એફ.એસ./ફીટનેશ,રીફ્લેક્ટર,સ્પીડ ગવર્નર બીલ/ ૩૧૬૧ તા. / /૨૦૧૮

25 JUN 2018

પ્રતિ,
સહાયક / પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ .................

વિષય:- ફીટનેશ કરવા માટે આવતા વાહનમાં રીફ્લેક્ટર અને સ્પીડ લીમીટ ડિવાઇસ લગાવ્યા માટેના બિલો બાબત

ઉપરોક્ત બાબતે જણાવવાનું કે કચેરી ખાતે ફીટનેશ માટે આવતા વાહનોમાં નિયમ મુજબ સ્પીડ લીમીટ તથા ડિવાઇસ રેડીયમ રીફ્લેક્ટર લગાવ્યા બાદ જ વાહનનું ફીટનેશ રીન્યુ કરવા સુચના આપેલ છે. તાબાની કચેરીઓ ખાતે ફીટનેશ રીન્યુ માટે આવતા વાહન માલિકો પાસેથી સ્પીડ લીમીટ તથા ડીવાઇસ રેડીયમ રીફ્લેક્ટર લગાવ્યા માટેના બિલોનો આગ્રહ રાખવામાં છે_ આ અંગે અત્રેથી કોઇ સુચના આપવામાં આવેલ નથી. બિલોનો આગ્રહ રાખવામાં આવતા ટ્રાન્સપોર્ટરો / વાહન માલીકોને ફિટનેશ સમયે હેરાન થવુ પડે છે. આ સંજોગોમાં ફિટનેશ વખતે સ્પીડ ગવર્નર, રેડીયમ પટ્ટી/ રિટ્રો રીફલેકટીવ ટેપના બીલોનો આગ્રહ નહી રાખવા જણાવવામાં આવે છે.

O/c

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજ્ય ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

- નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

Akhil Gujarat Truck Transport Association
R. 4-8-2018

# વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં ૬ બીજો-ત્રીજો માળ,
જુના સચિવાલય,ગાંધીનગર E-mail:- cotda201516@gmail.com

નં./એફ.એસ./ફીટનેશ,રીફ્લેક્ટર,સ્પીડ ગવર્નર બીલ/૪૦૪૯ તા. / /૨૦૧૮
27 JUN 2018

પ્રતિ,
સહાયક / પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ .................

વિષય:- ફીટનેશ કરવા માટે આવતા વાહનમાં રીફ્લેક્ટર અને સ્પીડ લીમીટ ડિવાઇસ લગાવ્યા માટેના બિલો બાબત

સંદર્ભ :- અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક નં./એફ.એસ./ફીટનેશ,રીફ્લેક્ટર,સ્પીડ ગવર્નર બીલ/૩૯૫૧ તા. ૨૫-૦૬-૨૦૧૮

ઉપરોક્ત સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ઉપરોક્ત વિષયે અત્રેની કચેરી દ્વારા તા. ૨૫-૦૬-૨૦૧૮ ના પત્ર. નં/એફ.એસ./ફીટનેશ,રીફ્લેક્ટર,સ્પીડ ગવર્નર બીલ/૩૯૫૧ માં ફીટનેશ વખતે સ્પીડ ગવર્નર, રેડીયમ પટ્ટી/ રિટ્રો રીફલેક્ટીવ ટેપના બીલ ઉપરાંત સર્ટીફીકેટનો આગ્રહ નહી રાખવા જણાવવામાં આવે છે. જેની નોંધ લેવી.

O/c
૨૭.૦૬/૧૮

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજ્ય ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના:-</u>

- નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

Akhil Gujarat Truck Transport Association
R - 4-8-2018